




પાલનપુરના સાચા બિન સાંપ્રદાયિક મુસ્લિમ સમાજના અગ્રણી આજે વહેલી સવારે હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા હતા. તેમના અવસાનના સમાચાર શહેરમાં પ્રસરતાં શહેરના અનેક હિન્દુ, જૈન અને મુસ્લિમ સમાજના અગ્રણીએ તેમના નિવાસસ્થાને પહોંચી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. આજે જુમ્માની નમાઝ બાદ તેમની અંતિમ યાત્રા મીરાં કબ્રસ્તાન ખાતે લવાઈ હતી. જેમાં તેમની દફન વિધિ કરાઈ હતી. પાલનપુર પીપલ્સ બેંકના પૂર્વ ચેરમેન તેમજ લોકમેળા અને મીરા કબ્રસ્તાનની માવજત હિન્દુ સમાજની વિવિધ શોભાયાત્રાનું મસ્જિદ પાસે સ્વાગતની તેમની પરંપરાને પાલનપુરીઓ સદાયને માટે યાદ રાખશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# દહેગામ ખાતે આજે ગરીબ કલ્યાણ મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સૌનો સાથ.. સૌનો વિકાસના અભિગમને વરેલી રાજય સરકાર દ્વારા દરિદ્રનારાયણના ઘરે સુખની જયોત -જવલિત કરવાના ઉમદા આશયથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ વર્ષ-૨૦૧૨ના ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન રાજય સરકાર દ્વારા એ-િલ માસ દરમ્યાન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૨૮મી એ-િલ-૨૦૧૨ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં યોજાનાર છે.

સમગ્ર રાજયમાં ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત તા. ૧૨મી એ-િલ-૨૦૧૨થી થયેલી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળા યોજાઇ ગયા છે. દહેગામ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળો તા.૨૮મી એ-િલ-૨૦૧૨ના રોજ જય યોગેશ્વર કોલ્ડ સ્ટોરજ, મોડાસા રોડ, દહેગામ ખાતે યોજાનાર છે. આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના હસ્તે ૪૫૦૦ લાભાર્થીઓને રૂપિયા ૫ કરોડ ૧૪ લાખથી વધુ રકમની સરકારની વિવિધ સહાય યોજનાઓ અંતર્ગત ચેક, સાધન અને અન્ય -કારની સહાયની ચુકવણી કરવામાં આવશે. આ ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત જનમેદનીને રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે.

## ઊંઝા માર્કેટ યાર્ડમાંથી મોટરસાઈકલની ઉઠાંતરી

ઊંઝા, તા. ૨૭

ઊંઝા ખાતે માર્કેટયાર્ડમાં આવેલ એક વેપારી પેઢી આગળથી રાત્રિના સમયે કોઈ તસ્કરો રૂપિયા વીસ હજારની કિંમતની મત્તાના મોટરસાઈકલની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા શહેરની રઘુવીર સોસાયટીમાં આવેલ વેપારી પેઢીના મહેતાજી આશિષકુમાર રતિલાલ પારેખે રાત્રિના સમયે માર્કેટયાર્ડમાં આવેલ વેપારી પેઢી આગળ પોતાનું હિરો હોન્ડા મોટરસાયકલ પાર્ક કર્યુ હતું. જેની મધરાત બાદ કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# સતલાસણા ગામની રૂર્બન પ્રોજેક્ટ ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત કરાયું

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ગરીબ કલ્યાણ મેળામાં ૪૫૮૭ લાભાર્થીઓને ૫.૨૯ કરોડની વિવિધ સહાય આપવામાં આવી હતી. રાજય સરકારશ્રીની વિવિધ આવાસ યોજનાઓ, બેન્કબલ અને સ્વરોજગાર યોજના, માતૃબાળ કલ્યાણ, કૃષિ અને પશુપાલન, સામાજિક સુરક્ષા,સમાજ કલ્યાણ જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સીધી સહાય મહેલુસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે આપવામાં આવી હતી. જેમાં ૧૪ કલસ્ટર પર લાભાર્થીઓને સીધી સહાય અપાઇ હતી. આ મેળામાં લાભાર્થીઓએ સાફલ્ય ગાથા રજુ કરી હતી.

આ -સંગે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રૂર્બન -ોજેક્ટ અંતર્ગત ૫૯૫.૬૪ લાખના ખર્ચે તૈયાર થનાર સતલાસણા ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુર્હુત કર્યું હતું. આ -સંગે મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળાઓમાં ૭૫ લાખ



લાભાર્થીઓને ૮૫૦૦ કરોડની વિવિધ સાધન અને રોકડ સહાય આપવામાં આવી છે. ગરીબ કલ્યાણ મેળાથી વચેટીયાઓ નાબુદ થઈ ગયા છે. રાજય સરકારે સીધો જે લાભાર્થી અને સરકાર વચ્ચે સંવાદ સધાય તેવા -યત્નો ગરીબ કલ્યાણ મેળા થકી કર્યા છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી ૦૬ મેથી શરૂ થનાર કૃષિ મહોત્સવ તાલુકા પંચાયતની બેઠક દીઠ યોજાવાનો છે. સવારથી સાંજ સુધી પશુઓની સારવાર કેમ્પ અને રસીકરણનો કેમ્પ યોજાશે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ પશુ મેળાઓ કરી પશુઓને થતા ૧૪૫ જેટલા રોગો નાબુદ કરી દીધા છે. આજે માત્ર ૨૨ જેટલા જ પશુઓને રોગો થાય છે તેમ મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે ઉત્તર ગુજરાતમાં પાણીના તળ ઉંડે જઈ રહ્યા છે તેની સૌએ ચિંતા કરવાની જરૂર છે. આજે આપણે બધાએ ડ્રીપ ઈરીગેશ -ધ્ધતિ અપનાવીને પાણીનો મહત્તમ ઉપયોગ કેમ થઈ શકે તે જોવાની જરૂર છે. આજે ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને મળેલ સીધી સહાયથી તેમના જીવનમાં પરિવર્નત આવ્યું છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ધારાસભ્યશ્રી ભરતસિંહ ડાભીએ -ાસંગિક -વચન કર્યું હતું, આ -સંગે જિલ્લા પંચાયત -મુખ જયંતિભાઈ પટેલ, સરદાર સરોવર નર્મદા નિગમના ડિરેક્ટરશ્રી વંસતભાઈ રાવલ, સરદાર સહભાગી જળસંચય સમિતિના ચેરમેનશ્રી અંબાલાલ પટેલ, જિલ્લા -ભારી સચિવશ્રી આર.આર. વરસાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. એન. ઠક્કર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર. જે. માંકડિયા, -ન્ત અધિકારીશ્રી ખેરાલું સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ હાજર રહી મેળાને સફળ બનાવ્યો હતો.

# મગના પાકમાં ઈયળના ઉપદ્રવથી ખેડૂતો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૭

ચાલુ વર્ષે ઠેર ઠેર ઉનાળુ મગનું મોટા પાયે વાવેતર કરાયુંછે. મોટા ભાગે ચોમાસામાં પડતી ઈયળ આ વર્ષે ઉનાળામાં મગમાં જોવા મળી રહી છે. જેના કારણે ઉનાળુ મગમાં પાકને નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. ગત વર્ષની સરખામણીમાં એકંદરે ખેડબ્રહ્મા તાલુકામાં મગનું વાવેતર પુષ્કળ પ્રમાણ છે. આ પાકમાં હોટકા નામની જીવાત તેમજ ઈયળ પડે છે. જ્યા ખેડૂતો પરેશાન થઈ ગયા છે. આ ઈયળના કારણે પાકને મોટા પાયે નુકશાન થવાની દહેશત ખેડૂતઆલમમાં ઉભી થઈ છે. તાલુકાના મેત્રાલ લક્ષ્મીપુરા રોધરા ગલોડીયા, આગીયા, મટોડા, આંતરીયા વિસ્તારમાં મગમાં આ પ્રકારની ઈયળ આવી જવાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. મોંઘુ દાટ બીયારણ વાપરી ઉંચા ભાવની દવાનો ઉપયોગ કરીને ઉનાળા દરમિયાન મગની ખેતી કરનાર ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

છેલ્લા કેટલાક સમયથી વાતાવરણ પલટાયું છે. ભર ઉનાળે આકાશમાં વાદળો ગોરંભાતા કમોસમી વરસાદ થયો છે. ત્યારે ખેડૂતોના જણાવ્યા અનુસાર મગમાં ઈયળ ચોમાસામાં જોવા મળે છે. પરંતુ બદલાયેલા હવામાન અને ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે ઉનાળામાં ઈયળો પડતા ખેડૂતો પણ અચરજ અનુભવી રહ્યા છે.

# શિહોરીમાં ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત કરતા શ્રમ રોજગાર મંત્રી

કાંકરેજ, તા. ૨૭

ગુજરાત સરકાર પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ રૂરબન ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર મંત્રી લીલાધરભાઈ વાઘેલાના વરદ્હસ્તે શિહોરી ખાતે ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત રાખવામાં આવ્યું હતું.

રૂરબન પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાત રાજ્યમાં ગ્રામિણજનોને શહેરો જેવી માળખાકીય સુવિધાઓ જેવી કે ભૂગર્ભ ગટર યોજના,પીવાના પાણીની ઘરે ઘર નળ દ્વારા પાણી પુરવઠા યોજના, આંતરીક પાકા રસ્તા, સ્ટ્રીટલાઈટ વિગેરેની સુવિધાઓ આપવાનું નક્કી કર્યું છે.

આ પ્રકારનો અભિગમ અપનાવવામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે આ માટે ત્રણ કેટેગરીના ગામો પસંદ કર્યા છે. ૧૦,૦૦૦ થી વધુ વસ્તીવાળા ગામો ૧૧૮ ૭,૦૦૦થી વધુ વસ્તીવાળા આદિવાસી વિસ્તારના ગામો ૫૫ ગ્રામીણ તાલુકા મથકો કે જ્યાં ગ્રામ પંચાયત છે. તેવા ગામો ૮૨ આ પૈકી પ્રથમ તબક્કે ૮૨ તાલુકા મથકના ગામો તથા ૩ ભૂગર્ભ ગટર



યોજનાના કામો હાથ ધર્યા છે. જે અંતર્ગત આજે કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે રૂરબન પ્રોજેક્ટ મારફતે ભૂગર્ભ ગટરનું કામ શરૂ કરવામાં આવેલ જેના ખાતમુહૂર્તે ભૂગર્ભ ગટરનું કામ શરૂ કરવામાં આવેલ જેના ખાતમુહૂર્ત ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર મંત્રી લીલાધરભાઈ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ભારતીબેન સોની બનાસકાંઠા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ, ભારતસિંહ ભટેસરીયા બનાસકાંઠા જિલ્લા બક્ષી મોરચો-મહામંત્રી, અમદાભાઈ પટેલ થરા માર્કેટ યાર્ડના ચેરમેન, સુખદેવસિંહ સોઢા, હીરાજી રતનજી ડાભી શિહોરી સરપંચ, અમરતલાલ ઠક્કર, રસીકજી ઠાકોર સવીયાણા સરપંચ, મફાજી હેદુજી સોલંકી (કાંકરેજ તાલુકા ભાજપ પ્રમુખ હંસપુરીજી ગૌસ્વામી, કાંકરેજ તાલુકા ભાજપ મહામંત્રી, કિશોરભાઈ પ્રજાપતિ, તેમજ માર્ગ મકાન વિભાગના કાર્યપારક ઈજનેર પ્રી. એમ. પટેલ, તેમજ તાલુકા વિકાસ અધિકારી તેમજ નાયક અધિકારી વિગેરે તમામ સરકારના કર્મચારીઓ તેમજ પદાધિકારીઓ, સરપંચો, સભ્યો વિગેરે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં સરકારની યોજનાઓનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું અને ગુજરાત સરકારે ગામડાના લોકો શહેર તરફ ના આકર્ષાય તે માટે ગામડાઓ સુધી તમામ પાયાની સુવિધાઓ પહોંચાડવાની નેમ ગુજરાત રાજયના લોકલાડીલા મુખ્યમંત્રીએ લીધી છે.

## ઊંઝા નજીક ઉનાવા રોડ પર અકસ્માત સર્જાતા ૩ ઘાયલ

ઊંઝા, તા.૨૭

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર ડમ્પર અને મોટરકાર વચ્ચે અકસ્માત સર્જાતાં કારમાં બેઠેલ ત્રણ વ્યક્તિઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અમદાવાદ ઓઢવમાં રહેતા દેસાઈ પરિવારના સભ્યો મોટરકારમાં પાટણ તાલુકાના રાણદા ગામે વતનમાં જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં તેઓને આ અકસ્માત નડયો હતો. આ બનાવ અંગે દેસાઈ રોહિતકુમાર પ્રભાતભાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ડમ્પર ચાલક વિરુધ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મઠ-બોલુન્દ્રા ખાતે બારેશી ઠાકોર સમાજનો સમૂહ લગ્નોત્સવ ઉજવાયો

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લામાં ઉનાળાની ગરમીની મોસમમાં લગ્નની સિઝન પૂરજોશમાં ખીલી રહી છે ત્યારે ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ દ્વારા આયોજીત તૃતીય સમૂહલગ્નોત્સવ શુક્રવારે મઠ-બોલુન્દ્રા ખાતે યોજાયા હતા. જેમાં ૨૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

આ અંગેની વિગત આપતા બારેશી ઠાકોર સમાજના પ્રમુખ રામસિંહ ખુમાનસિંહ તથા મંત્રી કેશુભાઈ કોટવાલ, કાંતિભાઈ મારીવાડે જણાવ્યું હતું કે ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ દ્વારા તૃતીય સમૂહલગ્નોત્સવ મઠ-બોલુન્દ્રા ખાતે યોજાયો હતો.

નાના સમાજે આજે પહેલ કરી સમાજમાં થતાં ખોટા ખર્ચા બંધ કરી સમાજ આગળ આવે તેવા પ્રયત્નો હાથ ધર્યા છે. આ કાર્યક્રમમાં ઉપાધ્યક્ષ કોંગ્રેસ સમિતિના ડૉ. બી.ડી. ડામોર, ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાએ જણાવ્યું હતું કે ઠાકોર સમાજ આજે જાગૃત થયો છે. સમાજમાં થતાં ખોટા ખર્ચા ઓછા થાય તેમ જણાવ્યું હતું. નવદંપતીઓને બોલુન્દ્રાના ધીરદાસ મહારાજ તથા વકતાપુરના લાલજી મહારાજે આર્શીવચન આપી યુવાવર્ગને વ્યસન મુકત થવા જણાવ્યું હતું. સમૂહ લગ્નમાં અમૃતલાલ બરંડા, રાજુભાઈ નિનામા, બલભદ્રસિંહ, શુભેન્દ્રસિંહ, ગુણવંત ત્રિવેદી, ભીખાભાઈ પટેલે ઉપસ્થિત રહી નવદંપતીઓને આર્શીવાદ પાઠવ્યા હતા. સમૂહ લગ્નને સફળ બનાવવા દિનેશભાઈ રાઠોડ, કાળુભાઈ પાંડોર, રમેશ પરમાર સહીત અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ.ની ૬ઠ્ઠીએ ચૂંટણી

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતેની પ્રતિષ્ઠિત ધી હિંમતનગર નાગરિક સહકારી બેંકના ૩ ડીરેક્ટરોની બિનહરીફ થયેલી ચૂંટણી બાદ લઘુમતી સમાજના પ્રભુત્વવાળી ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ. હિંમતનગરની ૬ ઠ્ઠી મે ના રોજ ચૂંટણી યોજાનાર છે જેમાં ૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાશે.

હિંમતનગરની ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ.ના ૩ ડીરેક્ટરોની મુદત પુરી થતાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ૩ ચાલુ ડીરેક્ટરો સહિત પાંચ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યા હતા. જેમાંથી એક ઉમેદવારે ઉમેદવારી પત્ર પરત ખેંચતાં ૪ ઉમેદવારો વચ્ચે ૬ ઠ્ઠી મેને રવિવારના રોજ ચૂંટણી સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી મદ્રેસા મોઈનલ ઈસ્લામ સંસ્થાના હાઈસ્કૂલ વિભાગમાં યોજાનાર છે. વર્તમાન ૩ ડીરેક્ટરો યુગની અબ્દુલરસુલ હરાદવાલા, મકબુલહુસેન અબ્દુલકાદર ડોઈ, ગુલામમોયુદીન મીયામોહંમદ અકુલી તેમજ અબ્દુલ રજ્જાક અબ્દુરરસુલ ઝાંખવાલાએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.



તલોદ-પ્રાંતિજ તાલુકાના દર્દીઓને એમ્બ્યુલન્સ વાનની સુવિધા સરકારી હોસ્પિટલ-તલોદ ખાતે ઉપલબ્ધ કરવામાં આવી. જિલ્લા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણના ફંડમાંથી રૂ.૭ લાખની સહાય મળતાં તેમાં રોગી કલ્યાણ સમિતિ-તલોદે સ્વભંડોળમાંથી રૂ. ૨.૪૩ લાખ ઉમેરી રૂ. ૯.૪૩ લાખના ખર્ચે વસાવવામાં આવેલ આ નવી એમ્બ્યુલન્સ વાનની લોકાર્પણ વિધિ સંસદ સભ્ય ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ અને શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણના વરદહસ્તે કરવામાં આવી. આ પ્રસંગે રોગી કલ્યાણ સમિતિ તલોદના સદસ્યો તથા હોસ્પિટલ સ્ટાફ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતાં. રૂ. ૨ પ્રતિ કિમી આ એમ્બ્યુલન્સવાન દર્દીઓને સુવિધા પુરી પાડશે તેમ જાણવા મળ્યું છે. આ વાનને સાંસદ અને મંત્રીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ છે. (તસવીર : જીતુ ત્રિવેદી, તલોદ)

## બેરોજગારને સ્કોપની તાલીમ વિના મુલ્યે અપાશે

મહેસાણા,

રાજયની રોજગાર કચેરી ખાતે નોંધાયેલા બેરોજગાર ઉમેદવારોને અંગ્રેજી સ્કોપની તાલીમ વિનામુલ્યે રોજગાર કચેરી દ્વારા આપવામાં આવશે. આ અંગે ઉમેદવાર ધોરણ ૧૦ પાસ હોવો જરૂરી છે.

### જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૨-૧૩

કાર્યાપલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૨, બ્લોક નં. ૯, નજીક સચિવાલય કેમ્પસ, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં. ૨૩૨ ૫૨૯૩૧) દ્વારા ગાંધીનગર ખાતે ૨ (બે) સફાઈના કામ કે જેની અંદાજી રકમ રૂ. ૩.૧૦ લાખ સુધીની છે. જે વિગતવાર નિવિદામાં જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લામાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ મ.કા.સ.મં. પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૩-૫-૨૦૧૨ના ૧૬-૦૦ કલાક સુધી તથા પરત લેવાની તા. ૧૦-૫-૨૦૧૨ સુધીની છે.

વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. માહિતી/૧૭૬/૨૦૧૨-૧૩


## ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



**Cretificate Lost**

It is notified for the information that my original certificate of main S.S.C. Exam-2006, Roll No. 1102856, passout from CBSE and B.E. dgree certificate (080300114032) has been actuelly lost.

Vikas Kumar
Plot No. 1057/1,
Sector 13/C,
Gandhinagar (Guj)
(M) 8866845129

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601